# કાવી તીર્થના લેખો.

## ( ૪૫૧ )

મહી નદી જ્યાં આગળ ખંભાતની ખાડીમાં મળે છે તેના મુખ આગળ, ખંભાતના સામા કાંઠે, એક કાવી કરીને ન્હાનું સરખું ગામ છે. તેની અંદર બે મ્હોટાં જિન મંદિરો આવેલાં છે જેમાં એક આદિનાથ ભગવાનનું છે અને બીજું ધર્મનાથ તીર્થંકરનું છે. બીજું મંદિર વિસ્તારમાં બહુ મ્હોટું છે અને તેની આસપાસ પર દેવકુલિકાઓ આવેલી હોવાથી તે બાવનજિનાલય મંદિર કહેવાય છે.

સાધારણ રીતે એ સ્થાન તીર્થભૂત મનાય છે અને આસપાસના કેટલાક જૈનો ક્યારે ક્યારે સંઘ કાઢીને પણ એ તીર્થની યાત્રાર્થે જાય છે. નંબર ૪૫૧ થી ૪૫૪ સુધીના લેખો એજ કાવીતીર્થના ઉક્ત બંને મંદિરોમાંથી મળી આવ્યા છે. સંવત્ ૧૯૬૭ ની સાલમાં વડોદરાથી એક ગૃહસ્થે એ તીર્થની યાત્રાર્થે સંઘ કાઢયો હતો. તેમાં હું પણ તે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વખતે એક યાત્રી તરીકે સામીલ હતો. આ લેખો હું તે વખતેજ ત્યાંથી ઉતારી લેતો આવ્યો હતો.

નં. ૪૫૧ નો મુખ્ય લેખ આદિનાથના મંદિરમાં, મૂલગર્ભાગારના દ્વારની ડાબી બાજુએ આવેલા એક ગોખલામાં ચોંટાડેલી શિલામાં કોતરેલો છે. શિલાનો માપ વિગેરે હું તે વખતે કાંઇ લઇ શકયો નહિં ફક્ત નકલ જ ઉતારી શકયો હતો.

આ લેખમાં ૩૨ પદ્યો છે. તેમાં પ્રથમના એક પદ્યમાં આદિનાથની સ્તુતિ કરવામાં આવી છે અને તે પછીના ૧૨ પદ્યોમાં, ઉપરના લેખ પ્રમાણેજ, પ્રતિષ્ઠાકર્તા આચાર્ય વિજયસેનસૂરિ પર્યંતના કેટલાક તપ-ગચ્છના મુખ્ય મુખ્ય આચાર્યોનો ઉલ્લેખ કરેલો છે.

૧૪ મા પદ્યથી મંદિર બંધાવનાર ગૃહસ્થનું વંશવર્ણન શુરૂ થાય છે. તે આ પ્રમાણેઃ—

ગુજરાત દેશમાં સુપ્રસિદ્ધ એવા વડનગર નામના શહેરમાં નાગર જ્ઞાતિની લઘુ શાખામાં ભદ્રસિઆણા ગોત્રવાળો એક દેપાલ ગાંધી કરીને ધર્મિષ્ઠ ગૃહસ્થ રહેતો હતો. તેને અલુઆ નામે પુત્ર થયો અને તેનો પુત્ર લાડિક નામે થયો. એ લાડિકને પોતાની પત્ની (?) નામે પત્નીથી બાહુક અને ગંગાધર નામે બે પુત્રો થયા હતા. તેમાં બાહુઆ પોતાના ધર્મ કર્મથી વ્યાપારિઓમાં મુખ્ય ગણાવા લાગ્યો હતો. તેને બે સ્ત્રિઓ હતી, તેમાં પહેલીનું નામ પોપટી અને બીજીનું નામ હીરાદેવી હતું. પોપટીને કુંઅરજી નામે એક પુત્ર થયો હતો અને હીરાદેવીને ધર્મદાસ, સુવીરદાસ એમ બે પુત્રો હતા. પોતાના આ બધા સ્વજન–બંધુવર્ગ સાથે સાથે બાહુઆ ગાંધી વડનગરથી નિકળી વ્યાપારાર્થે ત્રંબાવતી કે જે સ્તંભતીર્થના નામે પ્રસિદ્ધ છે તેમાં, ( ખંભાતમાં ) આવીને વસ્યો હતો. ત્યાં એને વ્યાપારમાં પુષ્કળ ધનપ્રાપ્તિ થઇ હતી અને લોકોમાં સન્માન પણ બહુ વધ્યું હતું. આવી રીતે તે સન્માન, સંતાન, ધન અને યશથી દિન પ્રતિદિન અધિક ઉન્નત થતો જતો હતો. તેવા પ્રસંગે તેણે આચાર્ય શ્રી હીરવિજયસૂરિનો ધર્મોપદેશ સાંભળી જૈન ધર્મનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વીકાર કર્યો હતો અને પૂર્વનો પોતાનો મિથ્યા મત છોડી દીધો હતો. આવી રીતે તે પરમ શ્રાવક થયો, અને સાધર્મિક ભાઇઓને તેમજ મુમુક્ષુ વર્ગને દાન આપી, સ્વજનોને સન્માન આપી અને દીનજનોના દુઃખો દૂર કરી, પોતાની સંપત્તિને સફળ કરતો હતો.

શત્રુંજય તીર્થની સ્થાપના રૂપે પ્રસિદ્ધ એવા કાવી નામના તીર્થના ચૈત્ય ( મંદિર ) ને લાકડા અને ઇંટથી બનેલું જોઇ તે બાહુઆ ગાંધિએ એક વખતે મનમાં વિચાર કર્યો કે જો આ મંદિરને પાકું બંધાવી સદાના માટે દૃઢ ( મજબૂત ) બનાવવામાં આવે તો મહાન્ પુણ્યની સાથે મ્હારી લક્ષ્મી પણ સફળ થાય. આ વિચારથી પ્રેરાઇ તેણે સંવત્ ૧૬૪૯ માં આખું મંદિર નવું તૈયાર કરાવ્યું, અને પછી વિજયસેનસૂરિના હાથે તેની પ્રતિષ્ઠા કરાવી.

છેવટના બે પદ્યોમાં, આ ૫૨ દેવકુલિકાયુક્ત પુણ્યના સત્રરૂપ યુગાદિ જિનના મંદિરનું સ્થાયિત્વ ઇચ્છી આશીર્વાદ આપવામાં આવ્યો છે, અને લેખ સમાપ્ત કરવામાં આવ્યો છે.

( ૪૫૨ )

આ નંબરનો લેખ પણ એજ મંદિરમાં કોતરેલો છે ( સ્થળની નોંધ મળી શકી નથી ). એમાં પણ સંક્ષેપમાં ગદ્યમાં ઉપરની જ હકીકત નોંધેલી છે. નવીન કાંઇ નથી.

( ૪૫૩ )

આ લેખ, ધર્મનાથમંદિરમાં આવેલો છે. હકીકત આ પ્રમાણે—

બાદશાહ અકબર જલાલુદ્દીનના વિજયરાજ્યમાં, ગરાસિયા રાઠોડ પ્રતાપસિંહના અધિકાર વખતે, ખંભાત વાસ્તવ્ય લઘુનાગર જ્ઞાતિના ગાંધી બાહુઆના પુત્ર વીરજીએ, સંવત્ ૧૬૫૪ માં કાવીતીર્થમાં, પોતાના પુણ્યાર્થે આ ધર્મનાથ તીર્થ કરનું ' રત્નતિલક ' નામે બાવન જિનાલય-વાળું મંદિર બંધાવ્યું છે. સેઠ પીતાંબર વીરા તથા સેઠ શિવજી બોધ્રા તેમજ રાજનગર ( અમદાબાદ )ના રહેવાસી ગજધર વિશ્વકર્મા જ્ઞાતિના

૪૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્રધાર સતાનો પુત્ર વીરપાલ તથા સલાટ સૂત્રભાણ, ગોરા અને દેવજી વિગેરેએ આ મંદિરની મુખ્ય દેખરેખ રાખી હતી.

( ૪૫૪ )

આ લેખ પણ એજ મંદિરમાં આવેલી આદિનાથની પાદુકા ઉપર કોતરેલો છે. મિતિ સં. ૧૬૫૬ ના વૈશાખ સુદી ૭ બુધવારની છે. ઉપરના લેખમાં જણાવેલા ગાંધી વીરદાસ તથા તેના ભાઇ ગાંધી કુંવરજી અને ધર્મદાસે મળીને આ પાદુકા કરાવી અને વિજયસેનસૂરિએ તેની પ્રતિષ્ઠા કરી, આ હકીકત નોંધેલી છે.

( ૪૫૫ )

આ લેખનું અવલોકન, ઉપર નં. ૨૧ વાળા લેખના અવલોકન ભેગું જ ( જુઓ, ઉપર પૃ. ૩૮ ) આપી દેવામાં આવ્યું છે તેથી આના સંબંધમાં ત્યાંજ જોઇ લેવું.

( ૪૫૬–૫૯ )

આ નંબરોવાળા ચાર લેખો ગંધાર નામના ગામના મંદિરમાં આવેલી પ્રતિમાઓ ઉપર કોતરેલા છે. લેખોમાંની હકીકત સ્પષ્ટ જ છે.

આ ગંધાર ગામ, ભરૂચ જીલ્લાના જંબૂસર તાલુકામાં આવેલું છે. એના આસપાસના પ્રદેશમાં એ પણ એક તીર્થ સ્થાન જેવું ગણાય છે. ઉપર વર્ણવામાં આવેલું કાવીતીર્થ અને આ તીર્થ, " કાવી–ગંધાર " આમ સાથે જોડકા રૂપેજ કહેવાય છે. આ ગંધાર ગામ તે સત્તરમા સૈકાનું પ્રસિદ્ધ ગંધાર બંદરજ છે જેનો ઉલ્લેખ हीरसौभाग्य, विजयप्रशस्ति, विजयदेव महात्म्य અને हीरविजयसूरिरास વિગેરે ગ્રંથોમાં વારંવાર આવે છે. અકબર બાદશાહ તરફથી જ્યારે સંવત ૧૬૩૮ ની સાલમાં હીરવિજય સૂરિને આગ્રા તરફ આવવાનું આમંત્રણ આવ્યું હતું તે વખતે એ આચાર્યવર્ય આજ ગામમાં ચાતુર્માસ રહેલા હતા. હીરવિજય સૂરિ અને વિજયદેવ સૂરિ વિગેરે એ સૈકાના તપાગચ્છના સમર્થ આચાર્યો–યતિઓ ઘણી વખતે આ ગામમાં આવેલા અને સેંકડો યતિઓની સાથે ચાતુર્માસ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહેલાના ઉલ્લેખો વારંવાર ઉકત ગ્રંથોમાંથી મળી આવે છે. એ ઉપરથી જણાય છે કે તે વખતે એ સ્થળ ઘણુંજ પ્રસિદ્ધ અને સમૃદ્ધ શ્રાવકોથી ભરેલું હશે. આજે તો ત્યાં ફકત ૫-૨૫ ઝુંપડાઓ જ દૃષ્ટિગોચર થાય છે. જૂના મંદિરનાં ખંડેરો ગામ બહાર ઉભાં દેખાય છે. વર્તમાનમાં જે મંદિર છે તે ભરૂચ નિવાસી ગૃહસ્થોએ હાલમાંજ નવું બંધાવ્યું છે. એ સ્થળે, ફકત એ મંદિરના ખંડેર શિવાય બીજું કાંઇ પણ જૂનું મકાન વિગેરે પણ જણાતું નથી. અઢીસો ત્રણસો વર્ષ પહેલાં જે સ્થળ આટલું બધું ભરભરાટીવાળું હતું તેનું આજે સર્વથા નામ નિશાન પણ દેખાતું નથી તેનું કાંઇ કારણ સમજાતું નથી. ત્યાંના લોકોને પૂછતાં અમને કહેવામાં આવ્યું કે—એક વખતે એ ગામ ઉપર દરિયો ફરી વળ્યો હતો અને તેના લીધે આખું શહેર સમુદ્રમાં તણાઇ ગયું હતું. પરંતુ આ લેખોવાળી જિનપ્રતિમાઓ અને મંદિર કેમ બચવા પામ્યું અને બાકીનું શહેર કેમ સંપૂર્ણ નષ્ટ થઇ ગયું તેનું સમાધાન કાંઇ અમને અદ્યાપિ થઇ શકયું નથી. શોધકોએ આ બાબતમાં વિશેષ શોધ કરવાની જરૂરત છે.